# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 16-10-2026** **Midday : 2.30 to 2.35 pm**

**Day : Friday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર બકુલા પરમાર વાંચે છે.

---

**(સમાચારને અંતે)**

**આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા હતા. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલોં કરશો.**

-----------------------------------------------------------------------

**આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)**

**(હવે પછી આપ સાંજે સાત વાગીને દસ મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો.)**

**(CLOSING MUSIC)**

# ANNAPURNA KENDRA LOKARPAN

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે સેવા સંકલ્પ અભિયાન અંતર્ગત રાજ્યના 28 જિલ્લામાં આજે શ્રમિક અન્નપૂર્ણા યોજનાના 101 નવા કેન્દ્રનું ઈ-લોકાર્પણ કર્યું.. આ પ્રસંગે મુખ્યમંત્રીએ અમદાવાદના ચાણક્યપુરી બ્રિજના અન્નપૂર્ણા કેન્દ્ર ખાતે શ્રમિકોને ભોજન પીરસીને તેમની સાથે સંવાદ કર્યો. આ સાથે જ હવે રાજ્યના તમામ 34 જિલ્લામાં કુલ 394 કેન્દ્ર પરથી શ્રમિકોને પૌષ્ટિક ભોજનનો લાભ મળશે.

મહીસાગરના પ્રભારી અને અન્ન, નાગરિક પૂરવઠા રાજ્યમંત્રી પી. સી. બરંડાએ લુણાવાડામાં અન્નપૂર્ણા કેન્દ્રનો પ્રારંભ કરાવ્યો. તેના થકી સ્થાનિક તેમજ આસપાસના કડિયાનાકા પર આવતા શ્રમિકોને દરરોજ પૌષ્ટિક આહાર મળી રહેશે. આ પ્રસંગે શ્રી બરંડાએ કહ્યું, શ્રમિકો અને તેમના પરિવારને ગુણવત્તાયુક્ત પોષણ પૂરું પાડવું એ સરકારની સર્વોચ્ચ પ્રાથમિકતા છે.

(BYTE: P. C. BARANDA, MINISTER OF STATE FOR FOOD AND CIVIL SUPPLIES)

પંચમહાલમાં પણ આજે વિવિધ જગ્યાએ અન્નપૂર્ણા કેન્દ્ર શરૂ કરાયા.

(VOICECAST: VIPUL PUROHIT)

ગીરસોમનાથમાં રાજ્યસભા સાંસદ માનસિંહ પરમારે વેરાવળના 60 ફૂટ રોડ પર અને લોકસભા સાંસદ રાજેશ ચુડાસમાએ પ્રભાસપાટણ ખાતેના ગુડલક ચોક ખાતે એમ બે કડિયાનાકા પર શ્રમિક અન્નપૂર્ણા કેન્દ્રનો શુભારંભ કરાવ્યો. સુરેન્દ્રનગરમાં ગુજરાત વિધાનસભાના નાયબ મુખ્યદંડક જગદીશ મકવાણાએ પાંચ ભોજન વિતરણ કેન્દ્રનો પ્રારંભ કરાવ્યો. તો, બોટાદ તેમજ છોટાઉદેપુરમાં પેટ્રોલપમ્મપ ચોકડી પાસે ધારાસભ્ય રાજેન્દ્રસિંહ રાઠવાએ અને બોડેલી શહેરની અલિપુરા ચોકડી ખાતે ધારાસભ્ય અભેસિંહ તડવીએ આ કેન્દ્રનો પ્રારંભ કરાવ્યો.

નર્મદામાં એકતાનગર રામચોક ખાતે રાજ્યસભા સાંસદ ડૉ. મુકેશ રાઠવા અને રાજપીપળામાં કડિયાનાકા ખાતે ધારાસભ્ય ડૉ. દર્શના દેશમુખની ઉપસ્થિતિમાં આ કેન્દ્રનો પ્રારંભ કરાયો.

ઉલ્લેખનીય છે કે, શ્રમિક અન્નપૂર્ણા યોજના અંતર્ગત બાંધકામ શ્રમિકો તથા તેમના પરિવારજનોને પ્રતિવ્યક્તિ પાંચ રૂપિયાના દરે પૌષ્ટિક ભોજન અપાય છે. આ ભોજનમાં રોટલી, શાક, કઠોળ, ભાત, અથાણું, મરચાં અને ગોળનો સમાવેશ થાય છે. અઠવાડિયામાં એક વાર સુખડી અને શીરા જેવા મિષ્ટાન્ન પણ અપાય છે.

# HM AMIT SHAH STATE VISIT

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ આજે રાજ્યના પ્રવાસે આવશે. બપોરે તેઓ અમદાવાદમાં સેટેલાઈટ વિસ્તારના પ્રેરણાતીર્થ દેરાસર ખાતે ગચ્છાધિપતિ પરમપૂજ્ય નરરત્ન સૂરિશ્વરજી મહારાજ સાહેબના દર્શન કરશે. ત્યારબાદ પાલડીમાં શ્રી વિશ્વનંદીકર જૈન સંઘ ખાતે ગચ્છાધિપતિ પરમપૂજ્ય ઉદયપ્રભ સૂરિશ્વરજી મહારાજ સાહેબના દર્શન કરશે. સાંજે શ્રી શાહ ગાંધીનગરના રૂપાલમાં શ્રી વરદાયિની માતા મંદિરમાં દર્શન-પૂજન કરશે. તેમજ ભગવાન શિવજીની 81 ફૂટ ઉંચી પ્રતિમાનું ખાતમુહૂર્ત કરશે. ત્યારબાદ તેઓ માણસા ખાતે બહુચર માતાજીનાં મંદિરમાં આરતીમાં સહભાગી થશે. છેવટે શ્રી શાહ કોલવડામાં શ્રી રામજી મંદિર ખાતે નવરાત્રિ યુવક મંડળ દ્વારા આયોજિત ગરબા મહોત્સવમાં ઉપસ્થિત રહેશે.

# NAVRATRI SIXTH DAY

નવરાત્રિના છઠ્ઠા દિવસે આજે માઁ દુર્ગાનાં છઠ્ઠા સ્વરૂપ માઁ કાત્યાયનીની આરાધના કરવામાં આવી રહી છે. માઁ કાત્યાયનીની ચાર ભૂજાઓ છે. તેમનાં એક હાથમાં તલવાર, બીજામાં કમળનું ફૂલ અને અન્ય બે હાથ વરદા અને અભય મુદ્રામાં છે. કાત્યાયની માઁ-નું વાહન સિંહ છે. માન્યતાઓ મુજબ, મહર્ષિ કાત્યાયનની કઠોર તપસ્યાથી પ્રસન્ન થઈ આદિશક્તિએ તેમને ત્યાં પુત્રી તરીકે જન્મ લીધો હતો. એટલે તેમને કાત્યાયની કહેવામાં આવે છે. ભક્ત મુખ્ય રીતે ઝડપી લગ્ન, વૈવાહિક અચડણોને દૂર કરવા અને ઈચ્છિત પતિની પ્રાપ્તિ માટે દેવી કાત્યાયનીની પૂજા કરે છે.